તારીખ :- ૧૩/૦૯/૨૦૨૪

# વિભાગ હસ્તકની ગ્રાન્ટ–ઈન–એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષક ભરતી/બદલી વર્ષ–૨૦૨૪

## FAQ (ઉમેદવારોને મૂંઝવતા પ્રશ્નો)

1. **જૂના શિક્ષક તરીકે ભરતી/બદલી માટે કેટલો અને કયો અનુભવ ધરાવતા ઉમેદવાર અરજી કરી શકે?**
    - શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં હાલ સેવામાં હોય તથા **જાહેરાતની તારીખે ઓછામાં ઓછો પાંચ વર્ષનો સળંગ શૈક્ષણિક અનુભવ પૂર્ણ કરેલ હોય** તેવા નિયમિત શિક્ષક જૂના શિક્ષક તરીકે ભરતી/બદલી માટે અરજી કરી શકશે.
2. **કઈ શાળાઓમાં મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણવાપાત્ર રહે?**
    - માત્ર શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાનો અનુભવ માન્ય અનુભવ તરીકે ગણવાપાત્ર રહેશે.
3. **સળંગ અનુભવ કઈ રીતે (કઈ તારીખથી કઈ તારીખ સુધી) ગણવો ?**
    - બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક **શાળામાં** મૂળ નિમણૂકથી એટલે કે **હાજર થયાના પ્રથમ દિવસથી જાહેરાતની તારીખ સુધીનો,** બિનપગારી રજા **(LWP)/અસાધારણ રજાઓનો સમય ગાળો બાદ કરીને મળતા કુલ દિવસ સળંગ અનુભવ તરીકે ગણવાપાત્ર રહેશે.** રાજીનામું આપીને એક શાળામાંથી છૂટા થયા બાદ નવી ભરતીથી અન્ય શાળામાં જોડાયા હોય તો અગાઉની શાળાનો અનુભવ સળંગ અનુભવ તરીકે ગણવાપાત્ર રહેશે નહિ.
4. **શાળામાં શિક્ષક તરીકે એક કરતાં વધુ સંસ્થાનો અનુભવ હોય તો ત્યારે અનુભવનું કયું પ્રમાણપત્ર રજૂ કરવું?**
    - ઉમેદવારે મેળવેલ સળંગ શૈક્ષણિક અનુભવના કુલ દિવસોના આધારે પસંદગી યાદી તૈયાર કરવાની હોઈ શિક્ષક તરીકે એક જ સંસ્થામાં અથવા ફાજલના કિસ્સામાં એક થી વધારે શાળાના અનુભવને ધ્યાને લેવાનો હોઈ હાલમાં જે શાળા પાસે સેવાપોથીનો હવાલો હોય તે શાળા પાસેથી નિયત નમૂના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર **(પરિશિષ્ટ–૩)** મેળવી રજૂ કરવાનું રહેશે.
5. **જૂના શિક્ષકની ભરતી/બદલી–૨૦૨૪ માટે ઉમેદવારનો કઈ તારીખ સુધીનો અનુભવ ધ્યાને લેવામાં આવશે?**
    - **જૂના શિક્ષકની ભરતી/બદલી–૨૦૨૪ માટે નિયત લાયકાત તરીકે અને શ્રેયાનતા યાદી તૈયાર કરવા જાહેરાતની તારીખ સુધીનો અનુભવ જ ધ્યાનમાં લેવામાં આવશે.**
6. **જૂના શિક્ષકની ભરતી/બદલી–૨૦૨૪ માટે ઉમેદવારે અનુભવનું પ્રમાણપત્ર કઈ તારીખ સુધીનું મેળવવું ?**
    - **ઉમેદવારે જૂના શિક્ષકની ભરતી/બદલી–૨૦૨૪ માટે અનુભવનું પ્રમાણપત્ર જાહેરાતની તારીખ સુધીનું મેળવી રજૂ કરવું.**
7. **સમાન અનુભવના કિસ્સામાં શ્રેયાનતા યાદી કેવી રીતે તૈયાર થશે ?**
    - **કોઈ** બે ઉમેદવારના સમાન અનુભવના કિસ્સામાં ઉમરમાં વયસ્ક ઉમેદવાર શ્રેયાન ગણવાપાત્ર રહેશે.
    - અનુભવ અને જન્મતારીખ પણ એકસમાન હોય તો તેવા કિસ્સામાં ક્રમશ: ઉમેદવારના નામ, અટક અને માતાના નામના પ્રથમ અક્ષર(આલ્ફાબેટિક ક્રમ)ને આધારે અગ્રિમતા નક્કી થશે.

### 8. જૂના શિક્ષકના અનુભવની ગણતરીમાં શિક્ષણ સહાયકનો અનુભવ ધ્યાને લેવો કે નહિ?

- હા, શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈઓ મુજબ નોંધાયેલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક તરીકે કરેલ **ફિક્સ પગારની નોકરીનો અનુભવ ગ્રાહ્ય રહેશે.**

### 9. જૂના શિક્ષક તરીકેની શ્રેયાનતા યાદી કેવી રીતે તૈયાર કરવામાં આવશે ?

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક **શાળામાં** મૂળ નિમણૂકથી **હાજર થયાના પ્રથમ દિવસથી જાહેરાતની તારીખ સુધી,** બિનપગારી રજા **(LWP)/ અસાધારણ રજાઓનો સમય ગાળો બાદ કર્યેથી બાકી રહેતા દિવસો જ અનુભવના દિવસો તરીકે ધ્યાને લઇ** મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. સમાન દિવસોના અનુભવના કિસ્સામાં જન્મ તારીખને ધ્યાને લઇ વધારે ઉંમરવાળા ઉમેદવારને અગ્રતાક્રમ આપવામાં આવશે. સમાન જન્મતારીખ હશે તો **ક્રમશ: ઉમેદવારના નામ, અટક અને માતાના નામના પ્રથમ અક્ષરને (આલ્ફાબેટિક ક્રમ) આધારે અગ્રિમતા** આપવામાં આવશે.

### 10. તમામ અનુભવના પ્રમાણપત્ર/પરિશિષ્ટો અસલમાં રજૂ કરવા ફરજિયાત છે ?

- હા, અરજી સ્વીકાર કેન્દ્ર પર અરજીની ચકાસણી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ તમામ અનુભવ સંબંધિત પ્રમાણપત્રો અને તમામ પરિશિષ્ટો ફરજિયાત અસલમાં રજૂ કરવાના રહેશે. ચકાસણી બાદ દરેકના સ્વ-પ્રમાણિત નકલના બે ( ૦૨) સેટ અરજીપત્ર સાથે જમા કરાવવાના રહેશે.

### 11. ફાજલ અથવા અન્ય વહીવટી કારણોસર સંસ્થા ફેરફાર થયેલ હશે તો અનુભવ કેવી રીતે ગણાશે ?

- ઉમેદવાર ફાજલ અથવા અન્ય વહીવટી કારણોસર સંસ્થા ફેરફાર થયેલ હશે, પરંતુ સેવાતૂટ ન હોય તો તેઓની અનુભવ સળંગ ગણવાપાત્ર થશે. અરજી સ્વીકારકેન્દ્ર ખાતે આ બાબતે થયેલ ફાજલના કે અન્ય વહીવટી આદેશો રજૂ કરવાના રહેશે.

### 12. એક કરતા વધારે શાળામાં ફરજ બજાવેલ હોય તો અનુભવના પ્રમાણપત્રો અલગ અલગ મેળવવા કે કેમ?

- જૂના શિક્ષક ભરતી/બદલી- ૨૦૨૪ માટે ઉમેદવારે અનુભવના પ્રમાણપત્રો હાલની સેવાપોથીના અને અન્ય રેકર્ડના આધારે હાલ જે શાળામાં ફરજ બજાવતા હોય તે શાળામાંથી **પરિશિષ્ટ-૩** નાં નમૂનામાં મેળવીને રજૂ કરવાના રહેશે.

### 13. શાળા બંધ થઇ ગઈ હોય તો અનુભવનું પ્રમાણપત્ર ક્યાંથી મેળવવું ?

- જૂના શિક્ષક ભરતી/બદલી- ૨૦૨૪ માટે ઉમેદવારે અનુભવના પ્રમાણપત્રો સેવાપોથી અને અન્ય રેકર્ડના આધારે હાલ જે શાળામાં ફરજ બજાવતા હોય તે શાળામાંથી મેળવીને રજૂ કરવાના રહેશે.

### 14. જૂના શિક્ષક તરીકે ભરતી/બદલીમાં શૈક્ષણિક લાયકાતોનું ગુણાંકન કઈ રીતે કરવામાં આવશે?

- તા. ૦૧/૦૮/૨૦૨૪ ના ઠરાવમાં જણાવ્યા મુજબ ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક અનુભવના દિવસોના આધારે શ્રેયાનતા યાદી તૈયાર કરવાની થાય છે. તેથી શૈક્ષણિક લાયકાતોનું કોઈ ગુણાંકન મેરીટ યાદી બનાવવા ધ્યાનમાં લેવાશે નહિ.

### 15. જૂના શિક્ષકની ભરતી માટે વયમર્યાદા છે કે કેમ?

- જૂના શિક્ષકની ભરતી માટે **જાહેરાતની તારીખે વયનિવૃત્તિ માટે બે વર્ષ કરતા ઓછો સમય બાકી હોય તેવા શિક્ષક અરજી કરી શકશે નહી**. એટલે કે જાહેરાતની તારીખે ઓછામાં ઓછા બે વર્ષની શિક્ષક તરીકેની નોકરી બાકી હોવી જોઈએ. આ સિવાય કોઈ વયમર્યાદા નથી.

### 16. જૂના શિક્ષકની અરજી માટે કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે? તે અન્વયે કેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહે ?

- **હા,** ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી માટેનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈશે.(ધોરણ-૧૦ /ધોરણ-૧૨ /શૈક્ષણિક અને વ્યવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ એક વિષય તરીકે કમ્પ્યુટરની પરીક્ષા પાસ કરેલ હોય અથવા CCC ની પરીક્ષા પાસ કરેલી હોય તે કમ્પ્યુટરની બેઝીક લાયકાત તરીકે માન્ય ગણાશે).

### 17. Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે કે ગેઝેટેડ ઓફિસર પાસે અટેસ્ટેડ કરાવવી પડશે?

- Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે તેમજ ગેઝેટેડ ઓફિસર પાસે કરાયેલ પ્રમાણિત નકલ પણ ચાલશે. અરજીપત્રક સાથે પ્રમાણિત નકલના બે સેટ જમા કરાવવાના રહેશે.

### 18. ઉમેદવારે શિક્ષક માટેની અભિરૂચી (TAT) કસોટી ઉત્તિર્ણ થયેલા હોવા જોઈએ?

- **ના,** તા. ૦૧/૦૮/૨૦૨૪ ના ઠરાવમાં જૂના શિક્ષક તરીકેની લાયકાત માટે શિક્ષક માટેની અભિરૂચિ કસોટીની કોઈ જોગવાઈ નથી. ઉમેદવારે મેળવેલ સળંગ શૈક્ષણિક અનુભવના કુલ દિવસોના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

### 19. ઉમેદવારે જાહેરાતમાં આપેલ ઠરાવો અને પરિપત્રો મેળવવા હોયતો ક્યાંથી મળે?

- જૂના શિક્ષક ભરતીની વેબસાઈટ પર તમામ ઠરાવો ઉપલબ્ધ રહેશે.

### 20. ઉમેદવારે નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો કયા આધારો રજૂ કરવા ?

- નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો, **સરકારી ગેઝેટની નકલ ફરજિયાત** રજૂ કરવાની રહેશે.

**21. જૂના શિક્ષકની અરજી માટે ઉમેદવારે કઈ તારીખનું 'ના વાંધા પ્રમાણપત્ર' (NOC) રજૂ કરવાનું છે?**

- ઉમેદવારે **અરજી કરવાના સમયગાળા દરમિયાન મેળવેલ ના–વાંધા પ્રમાણપત્ર (NOC) (પરિશિષ્ટ–૨) મુજબ** હાલની ફરજની શાળામાંથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

**22. અરજી કરવા માટેનુ 'ના વાંધા પ્રમાણપત્ર' (NOC) ક્યાંથી મેળવવું? અને ક્યારે રજૂ કરવાનુ રહેશે ?**

- ઉમેદવારે જૂના શિક્ષક તરીકે અરજી કરતા પૂર્વે **જે શાળામાં હાલ નોકરી કરે છે તે શાળા પાસેથી ના–વાંધા પ્રમાણપત્ર (NOC)** મેળવી અરજી સ્વિકારકેન્દ્ર ખાતે અરજીપત્રક જમા કરાવતી વખતે રજૂ કરવાનું રહેશે.

**23. ઠરાવમાં જણાવેલ નિયમિત શિક્ષક શબ્દનો શું અર્થ થાય ?**

- **ઠરાવમાં જણાવેલ નિયમિત શિક્ષક એટલે** ફિક્સ પગારની સેવાઓ પૂર્ણ કરી નિયમિત પગારધોરણમાં સમાવેશ થયેલ શિક્ષક.

**24. પુરા પગારનો આદેશ ન થયો હોય તેવા શિક્ષક આ ભરતી/બદલી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે?**

- **ના,** પુરા પગારનો આદેશ થયો ન હોય તેવા નિયમિત શિક્ષક જૂના શિક્ષક તરીકેની અરજી કરી શકાશે નહીં.

**25. જૂના શિક્ષક તરીકેની અરજીમાં નિમણૂકની કેટેગરી જતી કરી OPEN માં ઉમેદવારી નોંધાવી શકાય છે?**

- **ના,** ઉમેદવારને જે કેટેગરીમાં નિમણૂક મળેલ હોય ફક્ત તે જ કેટેગરી માટે જૂના શિક્ષક તરીકે અરજી કરી શકાય.

**26. SEBC ઉમેદવાર અરજી કરતાં નવેસરથી નોન–ક્રિમીલેયર સર્ટિ ક્યારે રજૂ કરવું ?**

- SEBC ઉમેદવાર તરીકે અરજી માટે નવેસરથી નોન–ક્રિમીલેયર સર્ટિ રજૂ કરવાનું રહેશે નહિ.

**27. જે તે વિષયની જગ્યા જો કેટેગરી મુજબ ન ભરાય તો અન્ય કેટેગરીમાં ભરી શકાશે ?**

- **ના, જૂના શિક્ષક તરીકેની નિમણૂક જે તે માધ્યમ, વિભાગ, વિષય અને કેટેગરીમાં જ ભરવાની રહેશે.**

**28. જૂના શિક્ષક તરીકે ભરતી/બદલી કઈ શાળામાં મળી શકે છે?**

- જૂના શિક્ષક તરીકે અરજી કરનાર શિક્ષકની **નિમણૂક જે વિભાગ, વિષય, કેટેગરી, માધ્યમ માટે થયેલ હશે તે જ વિભાગ, વિષય, કેટેગરી, માધ્યમ મુજબ ઉપલબ્ધ ખાલી જગ્યામાંથી ઉમેદવારે પસંદ કરેલ શાળાઓ પૈકી શ્રેયાનતા મુજબ મળવાપાત્ર બિનસરકારી અનુદાનિત શાળા** જૂના શિક્ષક તરીકે મળી શકશે.

**29. જૂના શિક્ષક ભરતી/બદલીમાં ક્યારે અને કેટલી શાળા/જિલ્લાની પસંદગી મળવાપાત્ર રહેશે ?**

- જૂના શિક્ષક ભરતી/બદલીમાં ફાઈનલ મેરિટ (શ્રેયાનતા) યાદી જાહેર થયા પછી સમિતિ દ્વારા પ્રદર્શિત કરવામાં આવનાર જૂના શિક્ષકની ખાલી જગ્યાઓની યાદી પૈકીની બધી શાળાઓની પસંદગી મળવાપાત્ર રહેશે.

તારીખ :- ૧૩/૦૯/૨૦૨૪

**30.શું આચાર્ય તરીકે કાર્યરત વ્યક્તિ જૂના શિક્ષક તરીકે અરજી કરવા પાત્ર છે ?**

- **ના,** આચાર્ય તરીકે કાર્યરત ઉમેદવાર જૂના શિક્ષક ભરતી/બદલીનો લાભ લઈ શકશે નહી.

**31.શુ લઘુમતી શાળાનો શિક્ષક જૂના શિક્ષક ભરતી માટે અરજી કરી શકે ?**

- **ના,** લઘુમતી શાળાનો શિક્ષક જૂના શિક્ષક ભરતી માટે અરજી કરી શકશે નહિ.
- **ઉમેદવારની નિમણૂક થયેલ હોય ત્યારે પણ જો શાળા લઘુમતિ સંસ્થા હોયતો તેવા ઉમેદવાર પણ અરજી કરી શકશે નહી.**
- **ઉમેદવારની નિમણૂક થયેલ હોય ત્યારે શાળા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક બિનસરકારી અનુદાનિત શાળા હોય અને પાછળથી તે શાળા લઘુમતિ સંસ્થામાં ફેરવાઈ હોય તો તેવા ઉમેદવાર પણ અરજી કરી શકશે નહી.**

**32.શુ સેલ્ફ ફાયનાન્સ શાળાનો અનુભવ જૂના શિક્ષક ભરતી માટે માન્ય ગણાશે ?**

- **ના, સેલ્ફ ફાયનાન્સ શાળાનો અનુભવ માન્ય ગણાશે નહિ શિક્ષણ વિભાગ હસ્તકની** બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સિવાયની કોઈ પણ પ્રકારની શાળાનો અનુભવ માન્ય રહેશે નહિ..

**33.શુ આદિજાતિ /સમાજ કલ્યાણ વિભાગ હસ્તકની આશ્રમશાળા/EMRC શાળાનો અનુભવ જૂના શિક્ષક ભરતી માટે માન્ય ગણાશે?**

- **ના, શિક્ષણ વિભાગ હસ્તકની** બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો અનુભવ જ જૂના શિક્ષકની ભરતીમાં માન્ય રહેશે. એ સિવાયની કોઈ પણ પ્રકારની શાળાનો અનુભવ માન્ય રહેશે નહિ. આદિજાતિ/સમાજકલ્યાણ વિભાગ હસ્તકની આશ્રમશાળા/EMRC શાળાનો અનુભવ માન્ય ગણાશે નહિ.

**34.રાજીનામું આપીને અન્ય શાળામાં ફરજ બજાવતા શિક્ષકનો નિયમિત શિક્ષકનો અગાઉની શાળાનો અનુભવ સળંગ ગણાશે ?**

- **ના,** રાજીનામું આપીને અન્ય શાળામાં જોડાયેલ નિયમિત શિક્ષકની નવી નિમણૂક ગણાતી હોવાથી અગાઉની શાળાનો અનુભવ સળંગ અનુભવમાં ગણતરીમાં લેવામાં આવશે નહી.

**35. અગાઉ શાળામંડળ દ્વારા થયેલ જૂના શિક્ષકની ભરતીથી નિમણૂક થયેલ શિક્ષક આ કેન્દ્રીયકૃત ભરતી/બદલીમાં ભાગ લઈ શકશે?**

- **ના,** શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૨૪ ના ઠરાવ મુજબ **શિક્ષક તરીકેના સમગ્ર સેવાકાળ દરમ્યાન જૂના શિક્ષક તરીકે ભરતી/બદલીનો લાભ માત્ર એક વખત મળવાપાત્ર થશે**. આથી અગાઉ જૂના શિક્ષક તરીકે ભરતીથી નિમણૂક પામેલ શિક્ષક આ જૂના શિક્ષક ભરતી/બદલી પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે નહી.

**36.જૂના શિક્ષક તરીકે અગાઉ અરજી કરેલ હોય પરંતુ પસંદગી પ્રક્રિયામાં ભાગ ન લીધો હોય તો શું વર્તમાન જૂના શિક્ષક ભરતી/બદલીમાં ભાગ લઈ શકાય છે ?**

**અથવા**

**37.ઉમેદવાર વર્તમાન જૂના શિક્ષક ભરતી/બદલીમાં જો શાળા પસંદગી ન કરે તો આવનાર વર્ષોમાં જૂના શિક્ષક ભરતી/બદલીમાં ભાગ લઈ શકે ?**

- જ્યાં સુધી જૂના શિક્ષક તરીકે શાળા ફાળવણી થયેલ ન હોય ત્યાં સુધી જૂના શિક્ષક તરીકેની નવી જગ્યા માટે અરજી કરી શકાય છે. એક વખત શાળા ફાળવણી થયા બાદ જૂના શિક્ષક તરીકેનો હક કાયમ માટે સમાપ્ત થાય.

**38. જો ઉમેદવાર સામે મંડળ અથવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે કોઈ કેસ/ સરકારી લેણું પડતર હોય તો જૂના શિક્ષક તરીકે અરજી કરી શકાય ?**

- જૂના શિક્ષક તરીકે **અરજી કરતી વખતે ઉમેદવારે ફરજ બજાવેલ શાળા/મંડળનું 'ખાતાકીય તપાસ ચાલુ કે પડતર નથી.', 'કોર્ટ કેસ અને ક્રિમિનલ કેસ ચાલુ કે પડતર નથી.', 'કોઈ નાણાંકીય સરકારી લેણું બાકીમાં નથી' આ મુજબનાં 'પ્રમાણપત્ર' રજૂ કરવાના રહેશે. (પરિશિષ્ટ–૪)**

**39. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ફોર્મમાં પાછળથી વિગત સુધારવા શું કરી શકાય ?**

- ઉમેદવાર પોતાની અરજી કરી ઓનલાઇન ફી ન ભરે ત્યાં સુધી અરજીની વિગતો edit કરી શકશે.
- ઓનલાઇન અરજી ફી ભર્યા બાદ ઉમેદવારની અરજી final submit થયેલ ગણાશે ત્યારબાદ અરજીમાં કોઈ સુધારો–વધારો કરવો હોય તો Withdraw Application માં જઈ પોતાની કરેલ અરજી Withdraw કરવાની રહેશે અને New Application ઓપ્શન ક્લિક કરી નવી અરજી કરવાની રહેશે. અને પુનઃ રૂ.૩૦૦/– અરજી ફી તરીકે ભરવાના રહેશે.
- એક કરતા વધારે અરજી કરેલ ઉમેદવારની ઉમેદવારી રદ થવાને પાત્ર રહેશે.

**40. જો લોગ–ઈન થવા માટે પાસવર્ડ ભુલાઇ ગયેલ હોય તો લોગ–ઈન કેવી રીતે થવાય ?**

- જો Set કરેલ પાસવર્ડ ભૂલી ગયા હોવ તો લોગ–ઈન ચેક બોક્સની નીચે આપેલ Forgot Password? Click Here to **Reset Password** પર ક્લીક કરતા આપના ઓનલાઇન અરજી ફોર્મમાં રજીસ્ટર્ડ કરેલ મોબાઇલ નંબર પર OTP આવશે આ OTP ની મદદથી પાસવર્ડ Reset કરી લોગ–ઈન થઇ શકાશે.

**41. જૂના શિક્ષક ભરતીમાં અરજી કરી ઓનલાઇન ફી ભર્યા પછી ઉમેદવારે શું કાર્યવાહી કરવી?**

- અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે **તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૦૧/૧૦/૨૦૨૪ સુધીમાં** (રવિવાર અને જાહેર રજા સિવાય) કચેરી સમય દરમિયાન **અરજીપત્રક પ્રિન્ટ કરી તેની પર ઉમેદવારે પોતાના હસ્તાક્ષર કરી** લાગુ પડતા

**ઓરીજનલ પ્રમાણપત્રો અને સ્વ-પ્રમાણિત કરેલા પ્રમાણપત્રો/પરિશિષ્ટો** સાથે પોતે જે જિલ્લામાં નોકરી કરે છે, તે જિલ્લાના નિયત કરેલા અરજી સ્વીકારકેન્દ્ર પર વેરિફીકેશન કરાવી **બે નકલમાં** ડોક્યુમેન્ટ જમા કરાવવા અને જાહેરાતમાં આપેલ વેબસાઇટની નિયમિત મુલાકાત લેતા રહેવી.

### 42. ફાઈનલ મેરીટ ક્યારે બહાર પડશે? ઉમેદવારને તેની કેવી રીતે જાણ થશે?

- ઉમેદવારે ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી નિયમિત પણે વેબસાઈટ જોતાં રહેવું. ભરતી પ્રક્રિયાની તમામ માહિતી વેબસાઈટ મારફતે આપવામાં આવશે.

### 43. અરજી ફોર્મ ભર્યા બાદ સબમિટ કેવી રીતે થાય?

- ઓનલાઈન અરજીપત્રકમાં તમામ વિગતો ભર્યા બાદ ફી પેમેન્ટ કરવાથી અરજી ફાઈનલ સબમિટ થયેલ ગણાશે અને ત્યારબાદ અરજીની પ્રિન્ટ લઈ શકાશે.

### 44. જૂના શિક્ષક તરીકે અરજી કર્યા પછી ઉમેદવારી પાછી ખેંચી શકાય છે ?

- ઉમેદવારે કરેલ અરજી પત્રક પાછું ખેંચવા અને ચૂકવેલ અરજી ફી ની રકમ પરત મેળવવાની વિનંતી કોઈપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ભવિષ્યમાં ઉમેદવાર આ અંગે કોઈ હક્કદાવો કરી શકશે નહીં.

### 45. જૂના શિક્ષકની ભરતીમાં પસંદગી યાદી કેવી રીતે તૈયાર થશે ?

- ઉમેદવારે **મેળવેલ શૈક્ષણિક અનુભવના કુલ દિવસોના આધારે શ્રેયાનતા યાદી** તૈયાર કરવામાં આવશે.
- પસંદગી સમિતિ સંબંધિત ઉમેદવારોએ દર્શાવેલ અનુભવના આધારે વિભાગ, માધ્યમ, વિષય અને કેટેગરી મુજબની પસંદગી યાદી તૈયાર કરશે.
- ઉમેદવાર જે શાળામાં જવા ઉત્સુક હોય તેવી પોતાની લાયકાતને અનુરૂપ ઉપલબ્ધ શાળાઓના પસંદગી ક્રમ આપશે. ઉમેદવારે આપેલ શાળા પસંદગી ક્રમને ધ્યાને લઈ શ્રેયાનતા યાદી મુજબ મળવાપાત્ર શાળા ફાળવણી કરવામાં આવશે. ફક્ત અનુભવના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

### 46. શું જૂના શિક્ષક તરીકે નિમણૂક થતા મને પગાર રક્ષણ મળવાપાત્ર છે ?

- **હા,** ઠરાવની જોગવાઈ અનુસાર ઉમેદવારને ફાળવવામાં આવેલ શાળામાં L.P.C. (Last Pay Certificate) અનુસાર મળતા પગાર ધોરણમાં જૂના શિક્ષક શાળામાં હાજર કરવાના રહેશે.

### 47. શું જૂના શિક્ષક તરીકે નિમણૂક થતા નવી નિમણૂક મેળવેલ શાળા ખાતે અજમાયશી સમય રહેશે ?

- **ના,** જૂના શિક્ષક તરીકે નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારને સંબંધિત જગ્યા પર નિમણૂક મળ્યે અજમાયશી સમય ગણવાનો રહેશે નહીં.

48. **શુ જૂના શિક્ષક તરીકે નિમણૂક પછી મૂળ શાળામાં પરત જઈ શકાશે ?**

- **ના,** એક વખત જૂના શિક્ષક તરીકે ફળવાયેલ શાળામાં હાજર થયા બાદ ઉમેદવાર કોઈ **પણ સંજોગોમાં મૂળ શાળામાં પરત જઈ શકશે નહીં.**

49. **જૂના શિક્ષક તરીકે શાળા ફાળવણી પછી જો ઉમેદવાર જે તે શાળામાં હાજર ના થાય તો શું પગલા લેવાય ?**

- **ઉમેદવારે જૂના શિક્ષક તરીકે લાભ લઈ લીધો ગણાશે.**
- **હાજર ના થવાના કિસ્સામાં ઉમેદવારના માસિક પગારમાંથી ૫૦૦૦/-(પાંચ હજાર) લેખે ૪૦ માસ સુધી કુલ રૂ.૨,૦૦,૦૦૦/- (રૂ.બે લાખ)ની રકમ જિલ્લા શિક્ષણાધિકારી મારફત સંબંધિત ઉમેદવારના પગારમાંથી વસુલ લેવામાં આવશે.**

50. **જો કોઈ ઉમેદવાર ફરજમોકુફી, બરતરફી કે અન્ય કોઈ કારણોસર શાળામાં ફરજ પર હાજર ન હોય તો તેવા ઉમેદવાર ભરતી/બદલીમાં ભાગ લઈ શકશે ?**

- **જો કોઈ ઉમેદવાર રાજીનામું, ફરજમોકુફી, બરતરફી કે અન્ય કોઈ વહીવટી કારણોસર શાળામાં ફરજ પર હાજર ન હોય તો તેવા ઉમેદવાર ભરતી/બદલીમાં ભાગ લઈ શકશે નહિ**. જો કોઈ ઉમેદવાર યોગ્ય કારણોસર, યોગ્ય સત્તાધિકારીની મંજૂરીથી હાલ LWP રજા પર હોવાથી શાળામાં ફરજ પર હાજર ન હોય તો આવા ઉમેદવાર ભરતી/બદલીમાં ભાગ લઈ શકશે.

51. **સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા શિક્ષકોનાં અનુભવની ગણતરી કેવી રીતે થશે?**

- સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા શિક્ષકો **જે તારીખથી વિનિયમિત થયેલ હોય તે તારીખથી જ શિક્ષક તરીકેનો અનુભવ** ગણતરીમાં લેવાશે.

52. **એકાઉન્ટ & કોમર્સ મર્સ વિષયની ખાલી જગ્યા પર કયા વિષયના વ્યવસાયિક સ્નાતકો અરજી કરી શકે ?**

- એકાઉન્ટ & કોમર્સ વિષયની જૂના શિક્ષકની ખાલી જગ્યા પર **ACCOUNT, B.A. અને SPCC વિષયના વ્યવસાયિક સ્નાતકો અરજી કરી શકશે.**

53. **સ્નાતક સાથે B.P.ed./D.P.ed થયેલ ઉમેદવાર સ્નાતકના વિષયમાં અરજી કરી શકશે?**

- **ના.** B.P.ed./D.P.ed થયેલ ઉમેદવાર Physical Education (યોગ, વ્યાયામ,સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ) વિષય માટે જ અરજી કરી શકશે.